## હે ! વનમાં ચાંદલિયો ઉગ્યો રે

(ફિલ્મઃ શેતલને કાંઠે)

હે  વનમાં ચાંદલિયો ઉગ્યો રે
કે રસિયા મુને સુરજ થઈ લાગ્યો રે,
હે વનમાં, હે વનમાં, હે વનમાં, હે વનમાં,
ચાંદલિયો ઉગ્યો રે, રસિયા મને સુરજ થઈ લાગ્યો રે.
હે રસિયા મોરા, રસિયા મોરા,રસિયા મોરા,
રસિયા મોરા શેરી એ પડાવો સાદ રે,
ઉતારો કરવાને કાજ રે, હે વનમાં...
હે રસિયા મોરા (4) શેરી એ પડાવો સાદ રે,
દાતણ કરવાને કાજ રે, હે વનમાં...
હે રસિયા મોરા (4) ધારીયું લેજો સાથ રે,
દાતણ કાપવાને કાજ રે, હે વનમાં...
હે રસિયા મોરા (4) શો રે કરાવો સાથ રે,
હમીયું ભરાવા ને કાજ રે, હે વનમાં...
હે રસિયા મોરા (4) ઢોલીયા લેજો સાથ રે,
પોઢણ કરવાને કાજ રે, હે વનમાં...
હે રસિયા મોરા (5) શેરી એ પડાવો સાદ રે,
ભોજન કરવાને કાજ રે, હે વનમાં...
હે રસિયા મોરા (4) સુખડી લેજો સાથ રે,
ભોજન કરવાને કાજ રે, હે વનમાં...
હે રસિેયા મોરા (4) શેરી એ પડાવો સાદ રે,
તોરણ કરવાને કાજ રે, હે વનમાં...